રજૂ તારીખ : ૧૫/૧૦/૨૦૨૨.

દાખલ તારીખ : ૧૫/૧૦/૨૦૨૨.

ફેંસલ તારીખ : ૦૫/૧૧/૨૦૨૨.

અવધિ : વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૨૨.

આંક : .

**મે. સુરતના સાતમા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી પરચુરણ (મુદ્દામાલ) અરજી નંબર : ૬૭૯/૨૦૨૨.**

**અરજદાર :–** **સલમા અહમદ નાકરા,**
રહેવાસી : નસીબ નગર, ગામ : લાજપોર ,
જિલ્લો : સુરત.

**વિરૂદ્ધ**

**ફરિયાદી :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :** **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૪૫૧ અન્વયે મુદ્દામાલ પરત મેળવવાની અરજી.**

==========================================================

**અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી આઇ. ઝેડ. વાઇઝી.**

**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

==========================================================

## -:: ચુકાદો ::-

(૧) અરજદારની હાલની અરજીની હકીકત જોઇએ તો એ મુજબની છે કે, પલસાણા પોલિસ સ્ટેશન પાર્ટ "બી" ગુના રજિ. નંબર : ૧૧૨૧૪૦૪૬૨૨૦૫૪૬/૨૦૨૨, ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ : ૨૦૧૭ ની કલમ–૬(ક)(ખ), ૮ ની પેટા કલમ–(૨)(૪) મુજબના ગુનાના કામે કબજે કરવામાં આવેલ ઓપ્પો કંપનીનો મોબાઇલ ફોન વચગાળાની કસ્ટડી તરીકે પરત મેળવવા અરજદારે હાલની અરજી દાખલ કરેલ છે.

(૨) હાલની અરજી સંદર્ભે અરજદારનાં વિ. વકીલ શ્રી આઇ. ઝેડ. વાઈઝીની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, સદર ગુનાના કામે પોલિસ તપાસ પૂર્ણ થયેલ છે અને સદર ગુનાનો સેશન્સ કેસ નંબર : ૫૩/૨૦૨૨ અત્રેની અદાલતમાં પેન્ડીંગ છે. સદર ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ મોબાઈલ ફોન અરજદારની માલિકીનો છે, જે સદર ગુનાના આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ છે. મોબાઈલ ફોન અરજદારના રોજિંદા વપરાશનું સાધન છે અને મોબાઇલમાં ઘણાં અગત્યના કોન્ટેક નંબરો છે, તેથી મોબાઇલ વિના અરજદારને ઘણી જ તકલીફ પડી રહેલ છે. મુદ્દામાલ મોબાઈલ ફોન બિનવપરાશી હાલતમાં પોલિસ સ્ટેશનમાં પડી રહે તો તેની સર્કિટ, બેટરી વિગેરેને નુકસાન થાય તેમ છે. સદર ગુનાનો કેસ ચાલી આખરી નિકાલ આવતાં ઘણો સમય જાય તેમ છે. નામ. અદાલત મુદ્દામાલ પરત સોંપતા સમયે જે શરતો ફરમાવશે તેનું પાલન કરવાની અરજદાર ખાતરી આપે છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી હાલની અરજી મંજૂર કરતો હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૩) સામાવાળા સરકાર તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. તેઓએ પોતાની રજૂઆતમાં જણાવેલ છે કે, સદર ગુનાના આરોપીઓ મુનાફભાઈ અબ્દુલભાઈ પટેલ તથા અહમદભાઈ અબ્દુલભાઈ પટેલનાઓએ પોતાના કબજાના વાછરડાનું મકાનની સામે આવેલ ખાડી કિનારે ગેરકાયદેસર રીતે કત્લ કરી તેનું ૭૦ કિલોગ્રામ જેટલું ગૌમાંસ વેચાણ કરવાના ઈરાદે પોતાના મકાનમાં રાખેલ તથા આરોપીઓના મકાનમાંથી મટન કાપવાના સાધનો, વાસણો વિગેરે મળી આવેલ. સદર ગુનાના આરોપી પાસેથી મુદ્દામાલ મોબાઈલ ફોન કબજે કરવામાં આવેલ છે. જો મુદ્દામાલ મોબાઇલ ફોન અરજદારને પરત સોંપવામા આવે તો તેનો ફરીથી ગુનાહિત પ્રવૃત્તિમાં ઉપયોગ થાય તેવી શક્યતા રહેલી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી હાલની અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૪) બંને પક્ષકારોની દલીલો સાંભળી. અરજી સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધાં. તપાસનીશ અધિકારીનો અભિપ્રાય વંચાણે લીધો. કેસનું રેકર્ડ વંચાણે લીધું.

(૫) અરજદારે સદર ગુનાના કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ ઓપ્પો કંપનીનો એ.પપ મોડેલનો મોબાઇલ ફોન વચગાળાની કસ્ટડી તરીકે પરત મેળવવા હાલની અરજી કરેલ છે. સદર ગુનાનો સેશન્સ કેસ નંબર : પ૩/૨૦૨૨ અત્રેની અદાલતમાં પેન્ડીંગ છે. ચાર્જશીટના કાગળો જોતાં સદર ગુનાના કામે સદર ગુનાના આરોપીઓ મુનાફભાઇ અબ્દુલભાઇ પટેલ તથા અહમદભાઈ અબ્દુલભાઈ પટેલનાઓએ પોતાના કબજાના વાછરડાનું મકાનની સામે આવેલ ખાડી કિનારે ગેરકાયદેસર રીતે કત્લ કરી તેનું ૭૦ કિલોગ્રામ જેટલું ગૌમાંસ વેચાણ કરવાના ઈરાદે પોતાના મકાનમાં રાખેલ તથા આરોપીઓના મકાનમાંથી મટન કાપવાના સાધનો, વાસણો વિગેરે મળી આવેલ તથા આરોપીઓની અંગઝડતી દરમ્યાન મોબાઇલ ફોન કબજે કરવામાં આવેલ. સદર ગુનાના કામે મુદ્દામાલ મોબાઇલ ફોન સંબંધે જરૂરી એવી તમામ તપાસ કરવા માટે તપાસનીશ અધિકારીને પૂરતો સમય પ્રાપ્ત થયેલ હતો, જે હકીકત ધ્યાને લેતાં મુદ્દામાલ મોબાઇલ ફોન અંગે વધુ કોઈ તપાસ કરવાની બાકી હોય તેમ જણાતું નથી. અરજદારે મુદ્દામાલ ફોન સંબંધે બિલની નકલ રજૂ કરેલ છે, જે વંચાણે લેતાં અરજદારે ભાણા ટેલિકોમ નામની લાજપોર, જિલ્લો : સુરત ખાતે આવેલ દુકાનમાંથી મુદ્દામાલ મોબાઇલ ફોન ખરીદ કરેલ હોવાનું જણાઈ આવે છે. આમ, અરજદાર મુદ્દામાલ મોબાઇલ ફોનના કાયદેસરના માલિક હોવાનું અરજદારે રજૂ કરેલા પુરાવા ઉપરથી જણાઈ આવે છે. અરજદાર સદર ગુનાના કામે આરોપી નથી. સદર ગુનાના આરોપીને અટક કરતાં સમયે મુદ્દામાલ મોબાઇલ ફોન કબજે કરવામાં આવેલ છે તેવી હકીકત ફરિયાદ તથા પંચનામામાંથી જણાઈ આવે છે. મુદ્દામાલ મોબાઇલ ફોન પરત સોંપવામાં આવે તો તેનો ડેટા મેળવી ફરીથી આવા પ્રકારના ગુનામાં મોબાઇલ ફોનનો ઉપયોગ થશે તેવી શક્યતા દર્શાવી મુદ્દામાલ મોબાઇલ ફોન અરજદારને પરત નહીં સોંપવા અંગેનો અભિપ્રાય વ્યકત કરવામાં આવેલ છે. મુદ્દામાલ મોબાઇલ ફોનનો સદર ગુનામાં ઉપયોગ થયેલ હોય તેમ પ્રથમદર્શને જણાઈ આવતું નથી. ટ્રાયલ સમયે જો મુદ્દામાલ મોબાઇલ ફોનની જરૂરિયાત ઊપસ્થિત થાય તો તે રજૂ કરવા અંગે યોગ્ય શરત મુદ્દામાલ પરત સોંપતી વખતે લાદી શકાય તેમ છે. અરજદારે મુદ્દામાલ મોબાઇલ ફોનની વચગાળાની કસ્ટડીની માંગણી કરેલ છે, કાયમી કસ્ટડી માંગેલ નથી. ઉપર જણાવ્યું તેમ અરજદાર

મુદ્દામાલ મોબાઈલ ફોનના કાયદેસરના માલિક છે. મુદ્દામાલ મોબાઈલ ફોન અંગે અન્ય કોઈ વ્યક્તિ દ્વારા કોઈ કલેઈમ કરવામાં આવેલ હોય તેવું જણાતું નથી. સદર કામે અરજદારે જે મુદ્દામાલની માંગણી કરેલ છે તે એક મોબાઈલ ફોન છે, જે અરજદારના રોજિંદા વપરાશનું સાધન છે. મુદ્દામાલ મોબાઈલ ફોન પોલિસ સ્ટેશનમાં યોગ્ય કાળજી વિના પડી રહે તો તેની બેટરી, સર્કિટ વિગેરેને નુકસાન થાય તેમ છે. ઉપરોકત તમામ હકીકતો, કેસનું રેકર્ડ તથા ૨૦૦૩ (સુ.કો.), પાના નંબર : ૬૩૮, સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલા સિદ્ધાંતોને ધ્યાને લેતાં મુદ્દામાલ મોબાઈલ ફોન અરજદારને યોગ્ય શરતોને આધિન વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવામાં આવશે તો ન્યાયની નેમ જળવાઈ રહેશે તેમ જણાય છે. આમ, ઉપરોકત હકીકતોને ધ્યાને લઈ હાલની અરજી સંદર્ભે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) અરજદાર સલમા અહમદ નાકરાનાઓની હાલની ફોજદારી પરચુરણ (મુદ્દામાલ) અરજી નંબર : ૬૭૯/૨૦૨૨ આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) પલસાણા પોલિસ સ્ટેશન પાર્ટ "બી" ગુના રજિ. નંબર : ૧૧૨૧–૪૦૪૬૨૨૦૫૪૬/૨૦૨૨, ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ : ૨૦૧૭ ની કલમ–૬(ક)(ખ), ૮ ની પેટા કલમ–(૨)(૪) મુજબના ગુનાના કામે કબજે કરવામાં આવેલ ઓપ્પો કંપનીના એ.૫૫ મોડેલના મોબાઈલ ફોન અંગે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ કિંમત કરતાં દોઢી રકમના જામીન તથા તેટલી રકમના જાત મુચરકા અત્રેની અદાલતમાં રજૂ કરવામાં આવ્યેથી મુદ્દામાલ મોબાઈલ ફોન નીચેની શરતોને આધિન અરજદારને વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**-:: શ ર તો ::-**

(૧) અરજદારે મુદ્દામાલ મોબાઈલ ફોન કેસ ચાલતાં દરમ્યાન કોઇને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઇ પણ રીતે ટ્રાન્સફર કરવો-કરાવવો નહીં.

(૨) મુદ્દામાલ મોબાઇલ ફોન અત્રેની કોર્ટ જયારે અને જયાં જરૂર પડયે રજૂ કરવાનું ફરમાવે ત્યારે અને ત્યાં અરજદારે રજૂ કરવાનો રહેશે.

(૩) તપાસનીશ અધિકારીએ મુદ્દામાલ પરત સોંપતા અગાઉ મુદ્દામાલ મોબાઈલ ફોનના ચારેય દિશાના ફોટા અરજદારના ખર્ચે પડાવી અત્રેની અદાલતમાં રજૂ કરવા તથા જરૂર જણાય તો મુદ્દામાલ અંગે પંચનામું કરી અત્રેની અદાલતમાં રજૂ કરવું.

(૪) અરજદારે મુદ્દામાલ મોબાઈલ ફોનનો કોઈ પણ ગુનાહિત પ્રવૃત્તિમાં ઉપયોગ કરવો-કરાવવો નહીં.

(૫) અરજદારે મુદ્દામાલ મોબાઈલ ફોનની ઓળખમાં કોઈ ફેરફાર કરવો-કરાવવો નહીં.

મુદ્દામાલ મોબાઈલ ફોન રિલીઝ કરવા અંગે સંબંધિત પોલિસ સ્ટેશનને યાદી કરવી.

હુકમ આજ **તારીખ :** ૫ મી, **માહે :** નવેમ્બર, **સને :** ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૦૫/૧૧/૨૦૨૨.
**બારડોલી.**

**( બસંતકુમાર ગુરમુખલાલ ગોલાણી)**
સાતમા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE- GJ01509